# <u>સુરતના ૮ માં અધિક ન્યાયિક મેજીસ્ટ્રેટ પ્રથમ વર્ગની કોર્ટમાં</u>

ફોજદારી કેસ નં. ૧૧૭૦૧/૨૦૨૫
આંક –

ફરિયાદી :– શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી :– દિનેશભાઇ હરીભાઇ પટેલ

## <u>ગુન્હો :– ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૨૩ મુજબ</u>

(૧) આરોપીઓ સામે ફરીયાદ પક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તેમના માલિકીના ફલેટને ભાડેથી આપ્યા બાદ કોઇ દસ્તાવેજી પુરાવા લીધેલ/ કરાવડાવેલ ન હોય મે. પોલીસ કમીશ્નર સાહેબ શ્રી નાઓએ બહાર પાડેલા જાહેરનામા ક્રમાંક. એસ.બી/જાહેરનામુ/ મકાન, દુકાન, ઓફિસ, ઉધોગિક એકમો ભાડે આપવા/ ૧૭૫/૨૦૨૪ નુ ઉલ્લંઘન કરતા મળી આવી પકડાઈ જઈ ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૨૨૩ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે.

(૨) હાલના આરોપીઓ અદાલત રૂબરૂ હાજર રહેલ અને તેઓને પોલીસ પેપર્સની નકલો આપેલી. આ કામે આરોપી **ઓ** કબુલાત પુરસીસ રજૂ કરેલ છે અને આરોપી ઓ નો જવાબ રેકર્ડ કરવામાં આવેલ, જેમાં આરોપી **ઓ** એ ગુનો કબુલ કરેલાનું જણાવેલ અને જણાવેલ છે કે, આ તેમનો પ્રથમ ગુનો છે તેમને ગુનો કર્યાનો પસ્તાવો છે અને આરોપી **ઓ** ગરીબ પરિસ્થિતિના છે જેથી હળવી સજા કરવા રજુઆત કરેલ છે.

(૩) આરોપી ઓ તરફેની કબુલાત ધ્યાને લેતાં આરોપી ઓ એ સ્વૈચ્છાએ કબુલાત કરે છે. આરોપી **ઓ** ની આ રાજીખુશીથી કરેલી કબુલાત હોઈ, તે નહી માનવા માટે કોઈ કારણ નથી. આરોપી ઓ તરફે રજુઆત

કરવામાં આવેલ છે કે, તેઓને ગુનો કર્યા અંગેનો પસ્તાવો છે. ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૨૨૩ માં સજા અને દંડની શિક્ષાની જોગવાઈઓ છે. આરોપીઓ એવી રજુઆત કરે છે કે તેઓને ઓછામાં ઓછી સજા અને દંડ કરવામાં આવે કેમ કે જો તેઓને વધુ સજા અને દંડ કરવામાં આવશે તો તેઓના પરીવારજનોનું ભરણપોષણ થઈ શકે તેમ નથી. આ કેસની હકીકત ધ્યાને લેતાં તેમજ આરોપી **ઓ** તરફે રજુ થયેલ દલીલો અને સ્વૈચ્છીક કબુલાતને પણ ધ્યાને રાખતા નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>હુકમ</u>**

આ કામના આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ની કલમ– ૨૭૫ અન્વયે ભારતીય ન્યાય સંહિંતાની કલમ ૨૨૩ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી ને આરોપીને રુ.૧૦૦૦ /– ( અંકે એક હજાર રુપિયા પુરા) નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે, અને દંડ ના ભરે તો દિન –૦૨ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૦૮ મી માર્ચ સને ૨૦૨૫ ના રોજ રાષ્ટ્રીય લોક અદાલતમાં સ્પેશ્યલ સિટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સુરત. (આશિમા ગર્ગ)

તા. ૦૮ / ૦૩/૨૦૨૫ ૮ માં અધિક ન્યાયિક મેજીસ્ટ્રેટ પ્રથમ વર્ગ,સુરત.
જીજે ૦૧૬૫૪